વિદેશથી આયાત થતાં લોખંડ-સ્ક્રેપથી અલંગના સ્ક્રેપ વ્યવસાય પર સંકટ

ભાવનગર, ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ અલંગ મંદીના વમળોમાં ફસાયેલું છે અને તેના કારણે અલંગ સાથે સંલગ્ન રોલિંગ મીલ અને સ્ક્રેપના વ્યવસાયો પર પણ અસર જોવા મળી રહી છે. મંદીના વમળોમાં ફસાયેલા અલંગને બહાર કાઢવા માટે અનેક પ્રયત્નો થઈ રહ્યાં છે પરંતુ હજુ ઘણાં સુધારાત્મક પગલા લેવાય તો અલંગ સંલગ્ન વ્યવસાયો પણ ધમધમતા થાય. અલંગમાં શિપ બ્રેકિંગ ઉદ્યોગના કારણે ભાવનગરમાં સ્ક્રેપનો વ્યવસાય પણ ફુલ્યોફાલ્યો છે પરંતુ વિદેશમાંથી આયાત થતાં લોખંડ અને સ્ક્રેપના કારણે સ્થાનિક બજારને ફટકો પડી રહ્યો છે ત્યારે આ દિશામાં શિપ રિસાયકલિંગ એસોસિએશન અને સરકાર સકારાત્મક પગલા લે તે જરૂરી છે.

ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ અલંગ મંદીના વમળોમાં ફસાયેલું છે અને તેની અલંગ સાથે સંલગ્ન રોલિંગ મીલ અને સ્ક્રેપના વ્યવસાયો પર પણ અસર જોવા મળી રહી છે. શિપ બ્રેકિંગ ઉદ્યોગના કારણે ભાવનગરમાં સ્ક્રેપનો વ્યવસાય વ્યાપક પ્રમાણમાં વિસ્તરેલો છે.

પરંતુ છેલ્લા બે વર્ષોમાં સ્ક્રેપના ભાવમાં આવેલા નોંધપાત્ર ઘટાડાના કારણે અલંગના નાના-નાના સ્ક્રેપના વેપારીઓની મુશ્કેલી વધી છે. સ્થાનિક કક્ષાએ ઉત્પાદન ઉપરાંત દેશમાં મોટા પ્રમાણમાં લોખંડ અને સ્ક્રેપની આયાત કરવામાં આવે છે. વિદેશમાંથી આયાત થતાં લોખંડ અને સ્ક્રેપથી અલંગના સ્ક્રેપ વ્યવસાય પણ પણ સંકટ તોળાઈ રહ્યું છે. દેશભરમાં લોખંડ અને સ્ક્રેપના ભાવ પંજાબના મંડી બજારમાંથી નક્કી થાય છે. વિદેશમાંથી આયાત થતા લોખંડ-સ્ક્રેપના કારણે એક સમયે રૂ.૫૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા હતા. બાદમાં અલંગના સ્ક્રેપની છેલ્લા બે વર્ષમાં કિંમત હાલ રૂ.૧૭ સુધી ઘટી ગઈ છે. વર્ષ-૨૦૨૨માં અલંગમાં સ્ક્રેપનો ભાવ પ્રતિ કિલો રૂ. ૪૮થી ૫૦ આસપાસ રહ્યો હતો. જે પછી વર્ષ ૨૦૨૩માં આ ભાવ રૂ.૧૦ સુધી ઘટીને રૂ.૪૦થી ૪૨ રહ્યો અને ચાલુ વર્ષ-૨૦૨૪માં અલંગના સ્ક્રેપની કિંમત રૂ.૩૨થી ૩૪ આસપાસ રહ્યો છે. છેલ્લા બે વર્ષમાં અલંગના સ્ક્રેપનો ભાવ રૂ.૧૭ સુધી ગગડી જતાં અલંગ સાથે જોડાયેલા નાના-નાના સ્ક્રેપના વેપારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વિકસિત રાજ્ય હોવા છતાં ગુજરાતમાં ૧ કરોડથી વધુ લોકો ગરીબ છે

નવી દિલ્હી, ગુજરાતની ગણના દેશના ટોચના ૫ સમૃદ્ધ રાજ્યોમાં થાય છે. દેશના જીડીપીમાં ૮ ટકાથી વધુ યોગદાન આપતું ગુજરાત વિકસિત રાજ્યનો દરજ્જો ધરાવે છે. મુકેશ અંબાણીથી લઈને ગૌતમ અદાણી સુધી દેશના મોટા ભાગના મોટા ઉદ્યોગપતિઓ ગુજરાતના છે, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા ઘણા મોટા નેતાઓ પણ ગુજરાતના છે. જો કે, હાલમાં જ ગુજરાતને લઈને એક મોટો ખુલાસો થયો છે, જેણે બધાને ચોંકાવી દીધા છે.

વિકસિત રાજ્ય હોવા છતાં ગુજરાતમાં ૧ કરોડથી વધુ લોકો ગરીબ છે. આજે પણ ગુજરાતના ગામડાઓમાં ઘણા લોકો દયનીય સ્થિતિમાં જીવવા મજબૂર છે. સંસદમાં રજૂ કરાયેલા રિપોર્ટમાં આ વાત સામે આવી છે. આ અહેવાલે દેશભરમાં વિકસિત ગુજરાતના દાવાઓને ઉજાગર કર્યા છે. રિપોર્ટ અનુસાર છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં ગરીબીમાં ઝડપથી વધારો થયો છે. રાજ્યની કુલ વસ્તીના ૧૬.૬૩ ટકા લોકો ગરીબ છે. આમાંના મોટાભાગના લોકો ગામડાના છે.

૭૫ લાખ ૩૫ હજાર એટલે કે ગામમાં રહેતા લગભગ ૨૧ ટકા લોકો ગરીબીની શ્રેણીમાં આવે છે. જ્યારે શહેરોમાં રહેતા ૨૬ લાખ ૮૮ હજાર લોકો એટલે કે લગભગ ૧૦.૪ ટકા ગરીબ છે. સંસદમાં બહાર આવેલા આ અહેવાલને માનીએ તો ગુજરાતના ગામડામાં દરેક વ્યક્તિ રોજના ૨૬ રૂપિયા પણ ખર્ચી શકતો નથી, જ્યારે શહેરમાં રહેતા ગરીબો માટે રોજના ૩૨ રૂપિયા ખર્ચવા પણ મુશ્કેલ બની જાય છે. વિધાનસભામાં આ આંકડાઓને મંજૂરી આપી છે. રિપોર્ટ અનુસાર છેલ્લા ૨ વર્ષમાં ૧૩૫૯ પરિવારો ગરીબીમાં સરી પડ્યા છે. ગુજરાતના જિલ્લાઓની વાત કરીએ તો સાબરકાંઠા, પંચમહાલ, બનાસકાંઠા, આણંદ, જૂનાગઢ અને દાહોદમાં ગરીબ પરિવારોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. આ સાથે જ રાજ્યમાં સતત વધી રહેલી ગરીબી પણ સરકાર માટે ચિંતાનું કારણ બની છે. ઘણા ગરીબ પરિવારો પાસે ખોરાક, કપડા અને રહેવાની સુવિધા પણ નથી. આ અહેવાલે ગુજરાતના વિકાસ મોડલ પર પણ સવાલો ઉભા કર્યા છે.

JM FINANCIAL

જેએમ ફાઈનાન્સિયલ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

કોર્પોરેટ ઓળખ નં. U67190MH2007PLC174287

રજીસ્ટર્ડ ઓફિસ : સાતમો માળ, એનર્જી અપ્યાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫.

સંપર્ક વ્યક્તિ : વરીયા વલ્લભભાઈ - ૯૯૨૫૮૨૦૧૨૬, વિશાલ કેટેલે - ૯૫૪૯૬૬૬૫૩, જ્યોતિ સર્વત - ૦૨૨-૬૨૨૪૧૬૭૬

ઈ-હરાજી વેચાણ નોટીસ – તાજુ વેચાણ

ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (સરફેસી એકટ) જેએમએફએઆરસી (જેએમ) (અહીં અસાઈની તરીકે ઓળખવામાં આવે છે) ની તરફેણમાં ૨૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ JMFARC-Aranya - Trust (સોંપણી કરાર) દ્વારા તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવા માટે છે કે પીરામલ કેપીટલ અને હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ અંતર્ગત સુરક્ષા હિત સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહીત) અસાઈન કરેલ છે જે જોતાં તમામ ઓપરેશનલ અને કાર્યવાહી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે પીસીએચએફએલ સેવા પ્રદાતા / સંગ્રહ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવેલ છે. સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ અસાઈમેન્ટ / સર્વિસ એગ્રીમેન્ટની કલમ ૫(૧) (બી) હેઠળ તમામ હકો, શીર્ષક અને તેના પરના હિત સાથે સરફેસી એકટ - ૨૦૦૨ હેઠળ સિકયોર્ડ ક્રેડીટરના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત મિલકતનો કબજો લેવાનાં અનુસંધાનમાં, ઉધારકર્તાઓ પાસેથી બાકી રકમની વસુલાત માટે, નીચે આમંત્રિત કરવામાં આવે છે. જે પ્રત્યક્ષ કબજામાં છે, જેમ છે તે પ્રમાણે છે, જેમ છે તે પ્રમાણે છે અને જેમ છે તે આધાર છે, જેની વિગતો નીચે આપેલ છે.

લોન કોર્ડ/શાખા / ઉધારકર્તાઓ / સહ-ઉધારકર્તાઓ/જામીનદારો	ડીમાન્ડ નોટીસ ની તારીખ અને રકમ	મિલકતનું સરનામું	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) (10% of RP)	બાકી લ્હેણી રકમ (૦૯.૦૭.૨૦૨૪)
Loan Code No. 20100044729 અમદાવાદ - સીજી રોડ (શાખા), ભાવિનભાઈ બિપીનકુમાર શાહ (ઉધારકર્તા), જયોત્સનાબેન બિપીનકુમાર શાહ (સહ-ઉધારકર્તા-૧)	૧૪.૦૬.૨૦૨૧ --------- રૂા. ૧૭,૪૦,૭૪૬/- (રૂા. સત્તર લાખ ચાલીસ લાખ સાતસો છેતાલીસ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફલેટ નં. એ/૪૦૩, શર્ણમ આઈકોન, પાર્શ્વનાથ હોસ્પિટલની સામે, કલીકુંડ, ધોળકા, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૨૨૫. ચતુઃસીમા :- ઉત્તરે : માર્જીન, દક્ષિણે : ફલેટ નં. એ/૪૦૪, પૂર્વે : ફલેટ નં. એ/૪૦૨, પશ્ચિમે : ફલેટ નં. એ/૪૦૨.	રૂા. ૧૬,૮૦,૦૦૦/- (રૂા. સોળ લાખ એંસી હજાર પુરા)	રૂા. ૧,૬૮,૦૦૦/- (રૂા. એક લાખ અડસઠ હજાર પુરા)	રૂા. ૨૩,૦૫,૪૨૦/- (રૂા. ત્રેવીસ લાખ પાંચ હજાર ચારસો વીસ પુરા)

ઈ-હરાજીની તારીખ : ૦૮.૧૦.૨૦૨૪, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત વધારા સાથે)

બીડ ભરવાની છેલ્લી તારીખ : ૦૭.૧૦.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે

વેચાણના વિગતવાર નિયમો અને શરતો, કૃપા કરીને આપેલ લિંક : http://www.jmfinancialarc.com/Home/Assetsforsale OR https://www.bankauctions.in ની પણ મુલાકાત લઈ શકે છે.

ઉધારકર્તા / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એકટ હેઠળ વૈધાનિક ૩૦ દિવસની વેચાણ નોટીસ

ઉપરોકત ઉધારકર્તા / જામીનદારોને આથી કલમ ૧૩(૨) હેઠળ નોટીસમાં દર્શાવેલ રકમ હરાજીની તારીખ પહેલાં વડત વ્યાજ સાથે સંપૂર્ણ ચુકવાની સુચના આપવામાં આવે છે, જો નિષ્ફળ જાય તો મિલકતની હરાજી / વેચાણ કરવામાં આવશે અને ઉધારકર્તા / જામીનદારની બાકી લેણાં જો કોઈ વસુલ કરવામાં આવશે.

તારીખ : ૨૮.૦૮.૨૦૨૪, સ્થળ : ગુજરાત **સહી/-, (અધિકૃત અધિકારી), (અરણ્ય - ટ્રસ્ટ)**

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank

બ્રાન્ચનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રકશન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ (રૂા)	શાખાનું નામ
૧	આનંદ અશોકભાઈ ભટ્ટ અને ભટ્ટ કવિતાબેન આનંદભાઈ LBMVA00005210691	ફલેટ નં.મિગ-આઈ/એ /૭૦૩, ૫૬-મિગ-આઈ કોલોની, ભવાની રેસિડેન્સી, મુખ્યમંત્રી આવાસ યોજના, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સર્વે નં.૨૪૪/૧, મહાકાલી નગર સામે, વીટી નગર રોડ, મહુવા, ભાવનગર-૩૬૪૦૦૧ / ઓગષ્ટ ૨૨,૨૦૨૪	એપ્રિલ ૨૩, ૨૦૨૪ રૂા. ૧૧,૫૧,૦૯૦.૪૨/-	મહુવા
૨	પટેલ ચિરાગકુમાર અમુતભાઈ અને સ્વેતાબેન મહેન્દ્રભાઈ પટેલ LBHNR00005767872 &LBHNR00005744313	પ્લોટ નં.૩૯ પૈકી દક્ષિણ તરફ,(૩૯-બી), સર્વે નં.૯૧૮/૩ પૈકી ૨,૩, હદલોલ રોડ, કનકોલ, સાબરકાંઠા, હિંમતનગર-૩૮૩૦૦૧ / ઓગષ્ટ ૨૨,૨૦૨૪	માર્ચ ૩૦, ૨૦૨૪ રૂા. ૩૧,૪૮,૯૦૯.૧૩/-	હિંમતનગર
૩	વિપુલભાઈ મધુભાઈ ચોપડા અને સુનિતાબેન વિપુલભાઈ ચોપડા LBJDN00006034273	સ્થાયી રહેવાસી મિલકત ઘર/બ્લોક નં.૪ના તમામ ભાગો અને પાર્સલો, બાંધકામ એરિયા માપણી ૯૯-૯૮ સ્કે.મી., પ્લોટ નં.૮ પૈકી અને ૯ ની જમીન ઉપર સ્થિત એરિયા માપણી ૬૦-૭૦ સ્કે.મી.,રેવન્યુ સર્વે નં.૫૮૧ પૈકી ૨, ગામ -જસદણ ખાતે આવેલ, તા.જસદણ, જી.રાજકોટ ગુજરાત રાજ્યની અંદર / ઓગષ્ટ ૨૨,૨૦૨૪	માર્ચ ૨૦, ૨૦૨૪ રૂા. ૧૮,૪૧,૮૯૩.૦૦/-	જસદણ
૪	બુંધેલિયા માનવ નિતેશકુમાર અને વાળંદ જ્યોતિબેન TBABD00006275058	ટેનામેન્ટ નં.સી-૩, ઈન્દ્રજીત કો-ઓપ હા.સો.લિ., વિભાગ-૪, ઈન્દ્રજીત બાગ, સર્વે નં.૨૦૫,(ટેક્ષ બીલ મુજબ સર્વે નં.૨૫૮ થી ૨૭૦), સબપ્લોટ નં.૧૦૬૭ થી ૧૦૮૭, સૈજપુર બોઘા, અસારવા, ડાયમંડ મીલ, ઠક્કર બાપા નગર, અમદાવાદ-૩૮૨૩૫૦ / ઓગષ્ટ ૨૨,૨૦૨૪	એપ્રિલ ૨૯, ૨૦૨૪ રૂા. ૨૦,૭૯,૧૪૨.૦૦/-	અમદાવાદ
૫	દિનેશકુમાર ગૌતમ અને સુજાતા રાની LBABD00005580622	ફલેટ નં.એફ-૫૦૧, પાંચમો માળ, મર્લિન સ્પર્શ, શ્રીરામ રેસિડેન્સી પાસે, અસલાલી હાઈવે, નરોલ, સર્વે નં.૫૬૩, ટી.પી.એસ.નં.૫૮, એફ.પી.નં. ૪૯/૨,૪૫/૩, ૪૬/૩, ૪૯/૪, વટવા, અમદાવાદ-૩૮૨૪૦૫ / ઓગષ્ટ ૨૨,૨૦૨૪	માર્ચ ૧૮, ૨૦૨૩ રૂા. ૨૨,૩૧,૯૪૪.૦૦/-	અમદાવાદ
૬	સાવલિયા કુસુમબેન કિશોરભાઈ અને સાવલિયા રોનકભાઈ કિશોરભાઈ LBRAJ00005858626 &LBRAJ00005862589	ફલેટ નં.૧૨૦૪, ટાવર-૫ ઈ, બારમો માળ, સેલેનિયમ સિટી, ગોલ્ડન પોર્ટિકોની બાજુમાં, માધાપાર સર્કલ પાસે, ઓફ ૧૫૦ ફીટ રીંગ રોડ, આર.એસ.નં.૨૭ પૈકી, મોજે-માધાપાર, ગુજરાત, રાજકોટ-૩૬૦૦૦૫ / ઓગષ્ટ ૨૩,૨૦૨૪	માર્ચ ૨૮, ૨૦૨૪ રૂા. ૩૧,૦૦,૦૪૯.૪૪/-	રાજકોટ

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલકતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ઓગષ્ટ ૨૮, ૨૦૨૪ નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા
સ્થળ : ગુજરાત આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પૂરની પરિસ્થિતિમાં બનીએ સભાન

સલામત બનાવીએ આપણું જીવન

આપત્તિ વ્યવસ્થાપન એ જ સાચી સાવચેતી

પૂરની સ્થિતિ પહેલાં

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહીં
- સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઊલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુદ્ધ પાણી, સૂકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, ટોર્ચ સાથે વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ માટે તેમને ખૂંટાથી છૂટાં રાખો

સ્થળાંતર કરવાનું થાય ત્યારે

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને સૂચવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટર બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિંમતી ચીજવસ્તુઓ, અંગત દસ્તાવજો વગેરેને વોટરપ્રુફ પેકિંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

પૂર દરમિયાન

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

પૂર બાદ

- સ્થાનિક સત્તાધીશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી, તેનું પાલન કરો
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ, ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહીં
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો

આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલ રૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલ રૂમ - ૧૦૭૦

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

જવાબદાર બનો

તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.

વહીવટી તંત્રને સહકાર આપો

જેથી ભેગા મળી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.

અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat | gujaratinformation.official | gujarat.information